અકસ્માતોની વણઝાર: વધતી સ્પીડ, ઘટતા શ્વાસ

નિઝરમાં કાર અડફેટે બાળક સહિત બેનાં મોત, એક ઘાયલ

હથોડા બ્રિજ પાસે અકસ્માત સર્જી કારચાલક ફરાર

કુકરમુંડાઃ નિઝર પોલીસ સ્ટેશન વિસ્તારમાં હથોડા પુલ નજીક થયેલા ભયંકર માર્ગ અકસ્માતમાં બે વ્યક્તિનાં મોત થયા છે, જ્યારે એક મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.

રવિવારે સવારે સ્વિફ્ટ ફોર વ્હીલર કાર (નં. MH 04 GJ 0930) ના અજાણ્યા ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. આ દરમિયાન સામે જઈ રહેલી પલ્સર મોટરસાઈકલ (નં. MH 39 AR 6043)ને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોટરસાઈકલ પર સવાર ત્રણ લોકો રોડ પર ફેંકાઈ ગયા હતા. જેમાં જયપાલસિંગ ભરતસિંગ ગીરાસે (ઉં.વ.26, રહે., બલવંડ, તા.જિ. નંદુરબાર)નું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ત્યારબાદ સારવાર દરમિયાન નિરજકુમાર કલ્યાણસિંગ ગીરાસે (ઉં.વ.4, રહે., દોંડાઈચા, તા. શિંદખેડા, જિ. ધુળે)નું પણ મોત થયું હતું. જ્યારે નિકીતાબેન જયપાલસિંગ ગીરાસે (ઉં.વ.21, રહે., બલવંડ, તા.જિ. નંદુરબાર)ને ગંભીર ઈજાઓ થતાં હાલ સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર કારચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારતાં આ દુર્ઘટના સર્જાઈ હતી અને અકસ્માત બાદ ચાલક ફરાર થઈ ગયો છે. આ મામલે નિઝર પોલીસ દ્વારા ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

ડોલવણના કુંભીયામાં બાઈક સાઇન બોર્ડ સાથે અથડાતાં ચાલકનું મોત

વ્યારાઃ ડોલવણના પંચોલ ગામે ડુંગરી ફળિયામાં રહેતા સુલતાનભાઈ કરશનભાઈ ગામીત (ઉ.વ.54) શુક્રવારે પલ્સર બાઇક (નં. GJ 26 Q 1017) લઇને નાલોઠાથી પંચોલ પોતાના ઘરે પરત જઈ રહ્યા હતા. તે દરમિયાન રાત્રિના નવ વાગ્યાના અરસામાં કુંભીયાથી પંચોલ તરફ જતાં રોડ પર સુલતાનભાઈએ પોતાની બાઇક ગફલત ભરી રીતે હંકારી જઈ સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવી દેતાં રસ્તાની બાજુમાં સાઈન બોર્ડ સાથે અથડાતાં અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતની જાણે થતાં ઈજાગ્રસ્તને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યો હતો. ડોલવણ પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

પાણી પીવા જતાં મજૂરને કારે ટક્કર મારી ને બસ ફરી વળી

વ્યારાના ટીચકપુરા ગામે હાઈવે ક્રોસ કરતાં અકસ્માત સર્જાયો

વ્યારાઃ તાપીમાં વ્યારા તાલુકામાં ટીચકપુરા ગામે સુરત- ધુલિયા નેશનલ હાઈવે 53 પર રોડ ક્રોસ કરી રહેલા મજૂર યુવકને કારે ટક્કર મારતાં રોડ રસ્તા પર પટકાયો હતો ત્યારે જ પાછળથી આવી રહેલી એસ.ટી બસ ફરી વળતાં મજૂરનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ શનિવારે રઘુનાથલાલ મદનલાલ લાખારા બારડોલીથી રાજશ્રી ગ્રેનાઈટ માર્બલમાંથી પોતાના ટેમ્પોમાં માર્બલ અને ટાઇલ્સ ભરીને વ્યારા આવી રહ્યાં હતાં ત્યારે વ્યારાના ટીચકપુરા પાસે મજૂરને પાણીની તરસ લાગતા પોતાનો છોટા હાથી ટેમ્પો ઊભો રાખ્યો હતો. જે દરમિયાન મજૂર રમેશભાઈ ભીખાભાઈ હળપતિ (ઉં.વ.35 રહે., તેન ગામ, હળપતિ વાસ, બારડોલી, જિ.સુરત) સામે છેડે દુકાનમાં પાણી લેવા જઈ રહ્યો હતો, ત્યારે બારડોલી તરફથી આવતી કાર (નં.MH 18 AJ 9247)ના ચાલકે મજૂરને અડફેટમાં લેતાં મજૂર રોડ પર પટકાયો હતો. જે દરમિયાન પાછળથી આવેલી ગુજરાત એસ.ટી નિગમની બસ (નં. GJ 18 ZT 2573)નું ટાયર મજૂર યુવકના માથા પરથી ફરી વળ્યું હતું. ઘટનામાં કારચાલક કાર મૂકી ફરાર થઈ ગયો હતો જ્યારે એસ.ટી બસનાં ચાલકે બસ રોડની સાઈડમાં ઊભી રાખી દીધી હતી. ઘટના સ્થળે પોતાના મજૂરનું મોત થતાં બારડોલીથી માર્બલ લઈને આવતાં ટેમ્પોચાલક દ્વારા કાર અને એસ.ટી બસના ચાલક વિરુદ્ધ વ્યારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બંબોરા નજીક હાઇવે પર કાર અડફેટે યુવકનું મોત

હથોડાઃ પીપોદરા જીઆઇડીસીના બંબોરા નજીક હાઇવે પરથી પસાર થતી કાર (નં. જીજે 05આર વી 8570)ના ચાલકે શ્રમજીવી યુવાન પ્રકાશ ઉર્ફે નનકો ભુઇયાને અડફેટમાં લેતાં ગંભીર ઈજા થતાં ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. મરણ જનાર મૂળ ઝારખંડનો રહેવાસી હતો અને પીપોદરા જીઆઇડીસી ફેક્ટરીમાં કામ કરીને મજૂરી કામ કરતો હતો. બનાવ અંગે પાલોદ પોલીસે લાશનો કબજો લઈને વધુ તપાસ હાથ ધરી છે.

સોનગઢના ટોકરવા નજીક ST બસે બાઇકને ટક્કર મારતા વૃદ્ધનું મોત

સોનગઢઃ સોનગઢ-ઓટા રૂટ પર આજે એક અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વૃદ્ધે પોતાનો જીવ ગુમાવ્યો છે. ટોકરવા ગામે બીરસા મુંડા સર્કલના વળાંક પાસે આ ઘટના બની હતી. સોનગઢ તરફથી બજાર કરીને બાઇક (નં. GJ 26 AA 2531) પર પરત ઘરે જઈ રહેલા ૫૭ વર્ષીય જેન્તાભાઈ ઝેપાભાઈ ભીલને સામેથી પૂરપાટ ઝડપે આવતી સરકારી એસ.ટી. બસે (નં.GJ 18 Z 7779) જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં જેન્તાભાઈનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. સરકારી બસનો ચાલક વાહન મૂકીને ત્યાંથી નાસી છૂટ્યો હતો. સોનગઢ પોલીસે બસના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આમોદમાં પ્રેમ સંબંધની અદાવતમાં જાહેરમાં હત્યા કરનાર યુવકની ધરપકડ

આમોદ પોલીસે સ્થળ પર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું

યુવક જેલના સળીયા પાછળ ધકેલાયો

ભરૂચ, આમોદઃ આમોદ નગરમાં આવેલા એસ.ટી.ડેપો પાસે મહમદ શાહપીરની દરગાહ નજીક ગત રોજ બપોરના સમયે જાહેરમાં એક ૪૦ વર્ષીય યુવક મહેબૂબ ઉર્ફે લાલા મહીડાને સાહિલ ચૌહાણ નામના યુવકે છરાના ઉપરાછાપરી ઘા મારી લોહીલુહાણ કરી મોતને ઘાટ ઉતાર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે મહેમુબભાઈ ઉર્ફે લાલાભાઈ મોહમદભાઈ મહીડાને આરોપીના પોતાના મોટાભાઈ સરફરાજનાઓનું મરણજનારના કુંટુંબના ભાઈની પત્ની સાથે પ્રેમ સંબધ હતો. જેથી પ્રેમ સંબંધની રીસ રાખી આરોપી સાહિલ ચૌહાણે મહેબૂબ ઉર્ફે લાલાભાઈ મહીડાને મોતને ઘાટ ઉતારી દીધો હતો અને તેની બાઈક સ્થળ ઉપર જ મૂકી ફરાર થઈ ગયો હતો. ત્યારે ગત રોજ રાત્રિના સમયે ભરૂચ એલ.સી. બી.પોલીસે તેને ઝડપી આમોદ પોલીસને સોંપ્યો હતો.

આમોદ પોલીસે આજ રોજ આરોપી સાહિલ રણજિત ચૌહાણને સાથે રાખી ઘટના સ્થળે પહોંચી હતી અને સ્થળ ઉપર પોલીસે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું તેમજ વિડીયોગ્રાફી સહિત પંચનામાની કામગીરી કરી હતી. ત્યારે હત્યાને અંજામ આપનાર યુવકને જોવા માટે લોકોના ટોળેટોળા સ્થળ ઉપર ઉમટી પડ્યા હતા. આમોદ પોલીસે આરોપી પાસેથી હત્યામાં વપરાયેલું તીક્ષ્ણ હથિયાર પણ કબજે લીધું હતું. બાઈક મૂકીને ભાગી જનાર હત્યારા યુવકનું પોલીસે બાઈક પણ કબજે લીધું હતું. પોલીસે સાહિલ ચૌહાણને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

મૃતકના પરિવારજનોની આરોપીને ફાંસીની સજાની માંગ

પોલીસ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવવા આરોપીને સ્થળ ઉપર લાવતા મૃતકના પરિવારજનોએ હત્યારા યુવકને તંત્ર પાસે ફાંસીની સજાની માંગ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મૃતક મહેબૂબ પરણિત છે અને તેનું મૃત્યુ થતાં તેની પત્ની તથા સંતાનોમાં બે બાળક હોવાથી તેના સંતાનો નિરાધાર બની ગયા હતા. ત્યારે મૃતકના પિતા મહંમદ મહીડાએ આરોપી યુવકને ફાંસીની સજાની માંગ કરી હતી તેમજ તેના ઘર ઉપર પણ બુલડોઝર કાર્યવાહીની માંગ કરી હતી.

પલસાણાના વણેસા ગામે દીપડાનો આતંક, વન વિભાગની ઘોર બેદરકારી

મારણ વિનાનું પાંજરું મૂકી વિભાગે હાથ ખંખેર્યા, ગ્રામજનોમાં રોષ

પલસાણાઃ પલસાણાના વણેસા ગામના ભીમાડા અને ગૌચર ફળિયામાં છેલ્લા કેટલાય સમયથી દીપડાએ આતંક મચાવ્યો છે. દીપડો સતત પાલતું પશુઓ, શ્વાન અને મરઘાનો શિકાર કરી રહ્યો છે, જેનાથી ગ્રામજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. થોડા સમય પહેલાં જ એક બાળક દીપડાના હુમલામાંથી આબાદ બચ્યો હતો.

સ્થાનિક જાગૃત નાગરિક કલ્પેશભાઈના જણાવ્યા મુજબ, પલસાણા વન વિભાગના RFO ભા વેશ રાડદીયાને વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર ઉદાસીન રહ્યું છે. વન વિભાગે અગાઉ એક જર્જરીત પાંજરું મૂક્યું હતું, જેમાંથી દીપડો મરઘાની મિજબાની માણી આસાનીથી ભાગી છૂટ્યો હતો. ભારે હોબાળા બાદ વન વિભાગે નવું પાંજરું તો મૂક્યું, પરંતુ નિયમ મુજબ મારણ મૂકવાની તસ્દી લીધી નથી. રોજ મજૂરી કરીને પેટ ભરતા ગરીબ ગ્રામજનોએ સ્વખર્ચે મરઘા લાવવા પડે છે. વન વિભાગ માત્ર પાંજરું ફેંકીને જતું રહે છે, જ્યારે તેને યોગ્ય જગ્યાએ ગોઠવવાની અને મારણ મૂકવાની તમામ કામગીરી ગામલોકોએ કરવી પડે છે.

'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડે વન વિભાગની આ ગંભીર બેદરકારી સામે સવાલ ઉઠાવતા જણાવ્યું કે, નિયમ મુજબ મારણ સાથે પાંજરું ગોઠવવું, ગ્રામજનોમાં જાગૃતિ લાવવી, પાંજરાની આસપાસ સાંજે ૭થી સવારે ૭ સુધી અવરજવર બંધ કરાવવી અને દીપડો ન પકડાય ત્યાં સુધી નાઈટ પેટ્રોલિંગ કરવાની મુખ્ય ફરજ વન વિભાગની છે. વન વિભાગ પોતાની આ ફરજોમાંથી કેમ હાથ અધ્ધર કરી રહ્યું છે તે મોટો સવાલ છે.

કડોદરામાં બસમાં ચઢવા જતાં યુવકના ખિસ્સામાંથી ૧૭,૬૦૦ ચોરાયા

પલસાણાઃ મૂળ રાજસ્થાનના રાજસમદ જિલ્લાના મંદારીયાગામના વતની અને હાલ પલસાણાના બલેશ્વર ગામમાં રહેતા ૨૪ વર્ષીય હર્ષદભાઈ નારાયણભાઈ માલી શનિવારે સાંજના સમયે તેમની પત્ની સાથે વતન રાજસ્થાન જવા માટે નીકળ્યા હતા. તેઓ કડોદરાથી કામરેજ જવાના ને.હા. નં. ૪૮ પર સેન્ટ માર્ક સ્કૂલની સામે બસની રાહ જોઈને ઊભા હતા. સાંજના આશરે સાડા પાંચ વાગ્યે બાબા રામદેવ ટ્રાવેલ્સની બસ આવતા જ હર્ષદભાઈ સામાન લઈને બસમાં ચડવા લાગ્યા હતા. આ દરમિયાન બસમાંથી ઉતરી રહેલા એક ઈસમે તેમને ધક્કો માર્યો હતો, જ્યારે પાછળથી બીજા બે શખ્સે બસમાં ચડવાના બહાને ધક્કામુક્કી શરૂ કરી હતી. આ ભીડભાડનો ફાયદો ઉઠાવીને એક તસ્કરે હર્ષદભાઈના પેન્ટના પાછળના ડાબા ખિસ્સામાંથી રોકડા 17,600 ચોરી લીધા હતા. આ અંગે હર્ષદભાઈ માલીએ કડોદરા GIDC પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પાલોદમાં બંધ મકાનમાંથી રૂ.1.68 લાખની મતાની ચોરી

હથોડાઃ પાલોદ ગામની હદમાં આવેલી ચિત્રકૂટ સોસાયટીમાં આવેલા બંધ મકાનને નિશાન બનાવી ચોરટાઓ રોકડા 45000 તેમજ સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા 1,68,000ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા મુકેશભાઈ જગદીશભાઈ રાયનાએ પાલોદ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે અજાણ્યા ચોર ઈસમોએ તેમના મકાનને નિશાન બનાવી લોખંડની જાળીનું તાળું તોડી ઘરમાં પ્રવેશી લાકડાના કબાટમાં મુકેલી સોનાની કાનની બુટ્ટી, સોનાની નાકની નથડી નંગ ચાર, સોનાની ચેન, નાનુ પેન્ડલ નંગ બે, ચાંદીના પાયલ નંગ 8 જોડી, ચાંદીના સિક્કા નંગ ચાર, ચાંદીની એક ચેન, ચાંદીની પગની વીંટી નંગ 20 તેમજ રોકડા રૂપિયા 45,000 મળી કુલ રૂપિયા 1,68,000ના મુદ્દા માલની ચોરી કરી ગયા હતા. બનાવ અંગે પાલોદ પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ઝઘડિયાના ફિચવાડા ગામે બે મકાનમાંથી 25.82 લાખની ચોરી

એક રાતે મકાનોમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રોકડા ચોરાતા પોલીસ દોડતી થઈ

ભરૂચઃ ભરૂચ જિલ્લાના ઝઘડિયાના ફિચવાડા ગામે તસ્કરોએ 14મી તારીખની રાત્રે બે મકાનોને નિશાન બનાવી કુલ રૂ. 25.82 લાખની ચોરી કર્યાની ઘટના સામે આવી છે. ચોરીમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમનો સમાવેશ થાય છે.

પ્રથમ ઘટના પ્રવિણસિંહ ગેમલસિંહ સોલંકીના મકાનમાં બની હતી. પરિવારજનો રાત્રે જમ્યા બાદ સૂઈ ગયા હતા. વહેલી સવાલે 4:45 વાગ્યે ચોરીની જાણ થતાં તપાસમાં કબાટ ખુલ્લા અને સામાન વેરવિખેર હાલતમાં મળી આવ્યો હતો. તસ્કરોએ રસોડાની બારીને સાધન વડે ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો હોવાનું પ્રાથમિક અનુમાન છે. આ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને 51,800 રોકડા સહિત કુલ 22,97,323નો મુદ્દામાલ ચોરાયો હતો. બીજી ઘટના એ જ રાત્રે પાડોશમાં રહેતાં કૈલાશબેન મહેન્દ્રસિંહ ઘરીયાના મકાનમાં બની હતી. ત્યાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ 2,84,800નો મુદ્દામાલ ચોરાયો હતો. બંને મકાનમાંથી કુલ 25,82,123ની ચોરી થતાં વિસ્તારમાં ભયનો માહોલ છવાયો છે. આ અંગે હરદિપસિંહ પ્રવિણસિંહ સોલંકીએ ઉમલ્લા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. પોલીસ ઘટના સ્થળની વિગતો એકઠી કરી રહી છે અને આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરી રહી છે.

રીઢા ચેઈન સ્નેચર સાળા-બનેવીની જોડી ઝડપાઈ, રૂ. ૩.૮૩ લાખની મતા જપ્ત

પલસાણાઃ કોસંબા વિસ્તારમાંથી ચેઈન સ્નેચિંગ કરી નાસી ગયેલા બે શંકાસ્પદ ઈસમ મોપેડ સાથે કામરેજ તાલુકાના નવાગામની સીમમાં દાદા ભગવાન મંદિરથી ઉદ્યોગનગર બ્રિજ તરફ જતાં સર્વિસ રોડ ઉપર ઉભેલા હોવાની બાતમી મળતા સુરત LCB પોલીસે સ્થળ પર રેઈડ કરીને બે રીઢાને મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. પકડાયેલા બંને આરોપી સંબંધમાં સાળા-બનેવી થાય છે. પૂછપરછમાં તેઓએ કબૂલાત કરી હતી કે તેઓએ મોપેડ પર સવાર થઈને તરસાડીગામ અને પીપોદરાગામની સીમમાંથી બે અલગ-અલગ ઉંમરલાયક મહિલાઓના ગળામાંથી સોનાની ચેઈન ઝૂંટવી લીધી હતી. આ ઉપરાંત, તેઓ કોસંબા, પાલોદ અને કીમ રોડ પરથી પસાર થતાં રાહદારીઓની નજીકથી ઝડપભેર બાઈક પસાર કરીને મોબાઈલ ફોન પણ આંચકી લેતાં હતા. ઝડપાયેલા આરોપીનું નામ અમન ઉર્ફે અમન બકરી અકરમભાઈ મુલતાની (ઉં.વ.૨૪,) છે. આ આરોપી અગાઉ પણ પલસાણા, કોસંબા, ઓલપાડ તેમજ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર રૂરલ અને પાનોલી પોલીસ સ્ટેશનમાં ચોરી અને સ્નેચિંગ જેવા અનેક ગુનાઓમાં સંડોવાયેલો રીઢો ગુનેગાર છે. બીજો આરોપી નયનભાઈ ચંદ્રકાંતભાઈ મૈસુરીયા (ઉં.વ.૨૮) પણ સાયણગામ, રસુલાબાદનો જ રહેવાસી છે.

ચોરીના ૭ મોબાઈલ સાથે તસ્કર અને ખરીદનાર ઝડપાયા

કીમ, પીપોદરા, પાલોદમાં રાત્રે ઘરોમાં ઘૂસી મોબાઈલની ચોરી કરી ભંગારના વેપારીને વેચી દેતો હતો

પલસાણાઃ સ્થાનિક ગુના શોધક શાખાની ટીમે કીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રિના સમયે ઘરોમાંથી મોબાઈલ ફોનની ચોરી કરતાં ચોર અને ચોરીના ફોન ખરીદનાર રિસીવરને કુલ ૭ નંગ મોબાઈલ ફોન સાથે રંગેહાથ ઝડપી પાડ્યા છે.

કીમ ખાતે રહેતો શાહનવાઝ રફીક શા ફકીર (ઉં.વ.૧૯, ધંધો મજૂરી, રહે., આશીયાના નગર, કીમ) ચોરીના મોબાઈલ ફોન વેચવા માટે જીતેન્દ્ર ઉર્ફે જીતુ જાટ (ઉં.વ.૨૫, ધંધો ભંગાર, રહે., આર.આર. રેસિડેન્સી, પાનસરા ગામ, તા. માંગરોળ)ને મળવા સમૂહ વસાહતથી કુડસદ જતાં રોડ પર ઊભો હોવાની બાતમી મળતા પોલીસે બનેને ઝડપી પાડ્યા હતા. શાહનવાઝએ કબૂલાત કરી હતી કે તે રાત્રિના સમયે કિમ, પાલોદ અને પીપોદરા વિસ્તારમાં આવેલા મકાનોની છત કે ઉપરના ભાગે ઊંઘતા લોકોના મોબાઈલ, તેઓને ખબર ન પડે તે રીતે ચોરી લેતો હતો. આ ચોરી કરેલા ફોન તે ભંગારનો ધંધો કરતાં અન્ય આરોપીને સસ્તા ભાવમાં વેચતો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલા ફોન પૈકી એક મોબાઈલ અંગે કીમ પોલીસ સ્ટેશનમાં અગાઉથી જ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ થયેલો છે. પોલીસે આરોપીઓ પાસેથી અંદાજે ૭૦,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બાકીના ૬ મોબાઈલ ક્યાંથી અને કોના ચોરવામાં આવ્યા હતા તે અંગે પોલીસ હાલ આગળની ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે.

આખાખોલ નજીકથી માનવ કંકાલ મળી આવ્યું

કામરેજઃ આખાખોલ ખાતે તળાવ કિનારે બાવળની ઝાડીમાંથી માનવ કંકાલ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. કામરેજના આખાખોલ ગામમાં ખજૂરી ફળિયામાં મિતેષ હસમુખ વસાવા રહે છે. શનિવારના રોજ સવારે 11.00 કલાકે ગામના ક્રિકેટ ગાઉન્ડની બાજુમાં આવેલી ખુલ્લી ઝાડી ઝાંખરી વાળી જગ્યામાં માનવ કંકાલનો માથાનો ભાગ મળી આવતા કામરેજ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે દોડી આવી જોતા કંકાલની બાજુમાં ભૂરા રંગનું ગાઉન, મરૂન રંગનું બ્લાઉઝ પડેલું હતું. થોડા આગળના ભાગે મોઢના, દાંત, હાડકાના અવશેષ મળી આવતા કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અધિક માસ શરૂ થતાં સિધ્ધનાથ મહાદેવ મંદિરે ભક્તોની ભીડ

સાયણઃ પવિત્ર અધિક માસનો શુભ આરંભ શરૂ થતાં જ ઓલપાડ તાલુકાના સરસ મુકામેના પ્રાચીન શિવમંદિર શ્રી સિધ્ધનાથ મહાદેવજીના દર્શનાર્થે ભક્તો ઉમટી પડ્યા હતાં. ઓલપાડના સરસ મુકામે આવેલ શિવભક્તોની આસ્થાનું પ્રાચીન અને ઐતિહાસિક શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર આવેલ છે. આ મંદિરના પરિસરમાં પ્રવેશદ્વાર સહિત ભવ્ય એક્ઝીટ ગેટના ખાતમુહૂર્ત, શિલાન્યાસ અને પૂજનવિધિનો કાર્યક્રમ સુરત ડિસ્ટ્રિક્ટ પ્રિન્સિપાલ જજ રાહુલભાઈ ત્રિવેદી સાહેબના વરદહસ્તે સંપન્ન થયો હતો.

સંક્ષિપ્ત સમાચાર

આમોદના કેલોદ ગામ નજીક ટેન્કરમાં આગ લાગી

ભરૂચ: ભરૂચ જિલ્લાના આમોદના કેલોદ ગામ નજીક આજે એક ટેન્કરમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આગ એટલી વિકરાળ હતી કે ટેન્કર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયું હતું. જોકે, સદનસીબે ટેન્કરના ડ્રાઇવર અને ક્લીનર સમયસર બહાર નીકળી જતાં તેમનો જીવ બચી ગયો હતો. આગને કારણે વાહનચાલકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડને ખબર આપી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી ભારે જેહમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનાને પગલે થોડા સમય માટે માર્ગ પર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

નર્મદા જિલ્લામાં ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ

રાજપીપળા: નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) એમ.એમ. પટેલે જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં ખાતરનો પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ રહે તે માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં કોઈપણ પ્રકારની ખાતરની અછત સર્જાય તેવી પરિસ્થિતિ નથી. જિલ્લામાં વિવિધ ખાતરો રોડ સપ્લાય દ્વારા વારા ફરતી પદ્ધતિથી સંબંધિત સેન્ટરો સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. ખેડૂતમિત્રોને ખાતર અંગે કોઈપણ પ્રશ્ન કે મુશ્કેલી હોય તો નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) કચેરી, વડિયા પેલેસનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

બુટવાડા ગામ પાસે નહેરમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

અનાવલ: અંબિકા તાલુકાના બુટવાડા ગામે ખેડૂત અનિલભાઈ ગામનભાઈ પટેલે નહેરમાં એક વ્યક્તિ ડૂબેલી હાલતમાં હોવાની જાણ પોલીસને કરી હતી. પોલીસે સ્થળ પર આવી મૃતદેહને નહેરમાંથી બહાર કાઢ્યો હતો. આશરે 40થી 45 વર્ષની વયના અજાણ્યાનું પાણીમાં ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું હોવાની પ્રાથમિક શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. અનાવલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકના વાલી વારસની શોધખોળ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરના કાપોદરામાં ચોરાયેલા ટેમ્પો સાથે એકની અટકાયત

અંકલેશ્વર: વિતેલી 15મી તારીખે અંકલેશ્વરના કાપોદરા કાપોદરા સ્થિત અયોધ્યાપુરમ સોસાયટીમાં રહેતા સમાધાન પ્રભાકર દેશલનો ઘર આગળ પાર્ક કરેલો 6 લાખની કિંમતનો મહિન્દ્રા સુપ્રો (છોટા હાથી) ટેમ્પો (નં. જીજે 16 એવાય 2076) ચોરી થયો હતો. જે અંગે નોંધાયેલી ફરિયાદ બાદ અંકલેશ્વર રૂરલ પોલીસે બાતમીના આધારે એજ સોસાયટીમાં રહેતા વિનોદ દલપ્રતાપસિંગ ઠાકુરની અટકાયત કરી હતી. પોલીસે આરોપી પાસેથી ટેમ્પો કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલોદના આશીર્વાદ કોમ્પ્લેક્સમાંથી બાઇકની ચોરી

હથોડા: પાલોદના આશીર્વાદ કોમ્પ્લેક્સમાં જીજે ઝીરો ફાઇવ એસઝેડ 2932 નંબરની મોટરસાઇકલ પાર્ક કરી હતી. જે કોઈ ચોરી ગયાની ફરિયાદ મોટરસાઇકલના માલિક અબ્દુલ કરામત લેસ મોહમ્મદ ચૌધરીએ પાલોદ પોલીસમાં નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કુડસદમાં ધાબા ઉપર સૂતેલા યુવકનો મોબાઈલ ચોરાયો

કીમ: કુડસદના રણછોડનગર વિસ્તારમાં ભાડે રહેતા મૂળ બિહારના કન્હૈયા કુમાર સંતોષ ચૌધરી (ઉ.વ.૨૨) તા.૧૧ મેની રાત્રે ઘરના ધાબા પર સૂતો હતો ત્યારે કોઈ અજાણ્યો થારીની બાજુમાં મુકેલો 20 હજારની કિંમતનો મોબાઈલ ફોન ચોરી કરી ફરાર થઈ ગયો હતો. કીમ પોલીસે ચોરી અંગે તપાસ હાથ ધરી છે.

કુંકણી ગામે મોતિયાની બીમારીથી કંટાળી વૃદ્ધાનો ઝેરી દવા પી આપઘાત

સાયણ: ઓલપાડના કુંકણી ગામે જશુબેન છગનભાઇ પટેલ (ઉ.વ.૭૩) નામની વૃદ્ધા તેના સ્વર્ગસ્થ પતિના ફેમિલી પેન્શનના સહારે પોતાનું જીવન ગુજારતી હતી. પ્રેશરની બીમારીથી પિડાતી આ વૃદ્ધાને આંખે મોતિયો હોવાથી તે બીમારીના કારણે કંટાળી ગઈ હતી. જેથી તેમણે ગત શનિવારે સવારે ઘરમાં પડેલી ઘાસ મારવાની ઝેરી દવા ગટગટાવી હતી. અડાજણની હોસ્પિલમાં ખસેડતા ચાલુ સારવાર દરમિયન તેમનું મોત નીપજ્યું હતું. ઓલપાડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વર GIDCની ઘરફોડ ચોરીનો ફરાર આરોપી અમદાવાદથી ઝડપાયો

ભરૂચ: છેલ્લા ચાર વર્ષથી ફરાર ચાલી રહેલા અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના લિસ્ટેડ આરોપીને પેરોલ ફલો સ્કોર્ડ, ભરૂચે અમદાવાદ ખાતેથી ઝડપી લીધો છે. પકડાયેલો આરોપી આપીલ ઉર્ફે અપ્પી મગનભાઈ ભાભોર (મૂળ રહે., માળ ફળિયું, સણગાસર, તા. ધાનપુર, જિ. દાહોદ) છે અને હાલ અમદાવાદ સિલ્વર સ્ટાર ચોકડી પાસે રહેતો હતો. છેલ્લા ચાર વર્ષથી અંકલેશ્વર GIDC પોલીસમાં ઘરફોડ ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

શુકલતીર્થ નદી કિનારે જેસીબી મશીન નીચેથી અજાણ્યાનો મૃતદેહ મળ્યો

ભરૂચઃ ભરૂચ જિલ્લાના શુકલતીર્થ નજીક નદી કિનારે આવેલા રેતીના લીઝ વિસ્તારમાંથી એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ જેસીબી મશીનના બકેટ નીચેથી મળી આવ્યો છે. આ ઘટનાને પગલે શંકાસ્પદ મોતનો મામલો સામે આવ્યો છે.બનાવની જાણ થતાં જ સ્થાનિક લોકોનું ટોળું ઘટનાસ્થળે એકઠું થઈ ગયું હતું. માહિતી મળતાં જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ શરૂ કરી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી છે. મૃતકની ઓળખ અને મોતના કારણો અંગે વધુ તપાસ ચાલી રહી છે.

Milano MULTIPLEX
બારડોલી
Pati Patni Aur Woh Do
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm,10:00pm
Dharpakad-Gujarati
03:00pm, 09:30pm
Raja Shivaji - 05:30pm
Bhooth Bangla - 11:00am
Dhabkaaro-Gujarati
12:00pm, 06:00pm
Krishnavataram Part 1 - The Heart
02:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333